હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૬૮૪, વર્ષ : ૩૦
અંક : ૫ માર્ચ-૦૧, ૨૦૧૭

# ઉદીચ્ય

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય: શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ: શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

માતૃભાષામાં ખવાણ થવા લાગે ત્યારે જીવનમૂલ્યો, પ્રજાની કોઠાસૂઝ, એના લોહીમાં ભળેલા સંસ્કારો, એનો ઇતિહાસ જેવી અનેકાનેક બાબતોનું ખવાણ પણ થવા માંડે છે. એટલે કે વ્યક્તિનું સત્વ જ ક્ષીણ થાય છે. એક અર્થમાં કહીએ તો એનાં સઘળાં મૂળિયાને લૂણો લાગવા માંડે છે. આમ જે તે પ્રજાની માતૃભાષા ક્ષીણ થાય ત્યારે તેનાં પુષ્ટિસંવર્ધક જીવનમૂલ્યોનો પણ હ્રાસ થતો જાય છે અને પરિણામે પેઢી પેઢી વચ્ચેનું અંતર ન પુરાય એવી ખાઇમાં પલટાઇ જાય છે. ..... એકેએક ગુજરાતી પોતાને પોતાની માતૃભાષાનો પ્રતિનિધિ સમજીને કાર્ય કરે તો ''જય જય ગરવી ગુજરાત'' ગૌરવભેર ગાવાની પાત્રતા તો દાખવી શકશે અને ત્યારે આપણે પણ આત્મશ્રદ્ધાપૂર્વક કહી શકીશું : ''શુભ શકુન દીસે, મધ્યાહન શોભશે, વીતી ગઇ છે રાત.''

**- કુમારપાળ દેસાઇ**

(શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયા બાદ આપેલું વક્તવ્ય તા. ૦૭-૦૧-૨૦૧૭)

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

યુનેસ્કો દ્વારા ભાષાકીય અને સાંસ્કૃતિ વિવિધતાને સ્વીકારી વર્ષ-૨૦૦૦થી ૨૧મી ફેબ્રુઆરીને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ દિવસને આપણે માતાત્રયીના ગૌરવ પ્રતીક પણ ગણી શકીએ. માતાત્રયી એટલે માતા, માતૃભાષા અને માતૃભૂમિ. પ્રથમ જન્મદાત્રી માતા જેની સાથે રક્તસંબંધ છે. બીજી, માતૃભાષા જેની સાથે વ્યક્તિ ભાવાત્મક રીતે જોડાયેલ છે અને આત્મિક સંબંધથી જોડાયેલ ત્રીજી માતૃભૂમિ.

માતાત્રયીના મહત્ત્વને સમજાવતાં સ્વામી સચ્ચિદાનંદજી જણાવે છે કે - ''પ્રજા માત્ર રોટલાથી નથી જીવતી, તેને જીવવા માટે ગૌરવ પણ જોઇએ. મારી દષ્ટિએ પ્રજાને ગૌરવ અપાવનાર ચાર તત્ત્વો છે : તેનો ગૌરવભર્યો ઇતિહાસ, તેનાં ગૌરવભર્યા સ્થાપત્યો, તેની ગૌરવભરી સંસ્કૃતિ અને તેની ગૌરવભરી ભાષા. આ ચારમાંથી જેની પાસે જેટલું વધારે હોય, તેને તેટલું જ ગૌરવ મળી શકે. ગૌરવ એ વિટામીન છે. જેમ વિટામીન વિના શરીર ફિક્કું અને દુર્બળ થઇ જાય, તેમ પ્રજા પણ ફિક્કી અને દુર્બળ થઇ જાય. પ્રત્યેક ભાષાના બે પ્રકાર હોય છે : બોલચાલની ભાષા અને સાહિત્યની ભાષા. બોલચાલની ભાષા ગમે તેટલી પ્રચલિત હોય પરંતુ તેની પાસે સાહિત્યનો સારો જામો ન હોય તો તે પ્રભાવશાળી થઇ શકે નહીં.''

આજે અંગ્રેજી આંતરરાષ્ટ્રીય વ્યવહારની ભાષા બની હોવાથી, અંગ્રેજી ભાષા જાણવી જરૂરી છે. પરંતુ, આપણા સંસ્કાર, આપણી પરંપરા, આપણો ઇતિહાસ આ બધું સારી રીતે સમજવા માતૃભાષાનો કોઇ વિકલ્પ નથી. થોડાક ઉદાહરણોથી આ બાબત સ્પષ્ટ થશે કે, આપણા કેટલાય શબ્દો, રૂઢિપ્રયોગો એવા છે કે તેનો અંગ્રેજી ભાષામાં તરજૂમો શક્ય જ નથી. જેમ કે - કેટલાક રીતરિવાજ સાથે સંકળાયેલ શબ્દો - દહેજ, કરિયાવર, આણું, ઝિયાણું, છાબ, મામેરું, શિરામણ, વાળું કરવું; જનજીવન સાથે સંકળાયેલ શબ્દો - અખંડ સૌભાગ્યવતી, કન્યાદાન, પાણિગ્રહણ, દુકાન વધાવવી, દીવો રામ થયો, બંગડી નંદવાઇ; સંસ્કૃતિ અને સંકલ્પ દર્શાવતા શબ્દો-ભીષ્મ પ્રતિજ્ઞા, ભીમ પરાક્રમ, ભગીરથપ્રયત્નો; સ્થિતિ દર્શાવતા શબ્દો-પ્રજ્ઞાચક્ષુ, ગંગા સ્વરૂપ, દિવ્યાંગ, વિગેરે. માતૃભાષા દ્વારા આત્મીયતા, સંવેદના સહજતાથી અને સચોટ રીતે અભિવ્યક્ત થઇ શકતી હોય છે જે ભાષાંતરની ભાષા માટે મુશ્કેલ છે.

આ સંદર્ભે આચાર્ય વિનોબા ભાવે જણાવે છે કે, ''મારો એવો મત છે કે, સાહિત્યનો કોઇ શબ્દ સમજમાં આવે કે ન આવે, પણ તેનો ભાવ સહુના ચિત્તને આકૃષ્ટ કરે, તો એમ કહેવાય કે તે સાહિત્યમાં વ્યાપકતા વધુ છે. ..... સાહિત્યનો અર્થ જ છે, સહિત અથવા સાથે જનારું. જે સાહિત્ય અમુકની સાથે જ જતું હોય, સહુની સાથે ન જતું હોય, તે એટલું સંકુચિત બને છે. જેના માટે સહુના દિલમાં પ્રીતિ ન જન્મતી હોય, તે 'સાહિત્ય' નથી, 'રાહિત્ય' છે - તે સર્વ જનની પ્રીતિથી રહિત છે. સાહિત્ય સર્વ જનોને બદલે વિશિષ્ટજનો માટેનું જ થઇ ગયું, તો તે કાંઇ સાહિત્યની પ્રગતિ નહીં, સંકુચિતતા જ માનશો.''

ડૉ. નરોત્તમ વાળંદ, જીવન સાથે સાહિત્યની નિસબત નામક લેખમાં લખે છે, ''આપણે ભૂતકાળ તરફ નજર કરીએ તો પ્રતીતિ થાય છે કે ત્યારે સાહિત્ય એક પ્રતાપી પરિબળ હતું. ગુજરાતના સોલંકી યુગમાં, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય રચિત 'સિદ્ધહેમ' વ્યાકરણની પોથીની પધરામણી હાથીની અંબાડી પર થઇ હતી. હેમચંદ્રાચાર્ય અને મહારાજ સિદ્ધરાજ પગે ચાલતા વરઘોડામાં સામેલ હતા. પાટણના નગરજનો પણ વરઘોડાની વધામણી કરતા હતા. સરસ્વતિદેવીનું એ સન્માન હતું, એનો આ ઉત્સવ હતો. આવો પ્રસંગ વિશ્વ સાહિત્યમાં સર્વ પ્રથમ હતો. ગુર્જરીગિરાનું એ બહુમાન હતું.'' બીજો અન્ય એક પ્રસંગ, ૧૮૫૮ની ૨૩મી નવેમ્બરે સાંજે નિશાળેથી આવીને માતા સરસ્વતિ આગળ માથું નમાવીને વીર નર્મદે ગદ્ગદ કંઠે કલમને ખોળે જીવવાનું નક્કી કર્યું અને ચોવીસ વર્ષ સુધી ઝઝૂમતા રહી ભાષા-

સાહિત્ય માટે પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું. આવો જ અન્ય એક પ્રસંગ, કેટલાંક દેશી રાજ્યોની દીવાનગીરી મળવાની તકો છોડી, ચાલીસમા વર્ષે ધીકતી વકીલાતના વ્યવસાયમાંથી નિવૃત્તિ લઇ નડિયાદમાં વસી ‘સરસ્વતિચંદ્ર’ મહાનવલનું સર્જન કરનાર ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યને ઉજાગર કરનાર ગોવર્ધનરામ ત્રિપાઠીને યાદ કરવા રહ્યા. ગુજરાતી ભાષા અન્ય ભાષાઓ જેવી સમોવડી ન બને ત્યાં સુધી પાઘડીનો ત્યાગ કરીને ઉઘાડે માથે ફરનાર પ્રેમાનંદને કેમ ભૂલાય ? માતૃભાષા માટે દલપતરામ, નર્મદ, ન્હાનાલાલ, ધીરુભાઇ ઠાકર જેવા વિદ્વાનોની સમર્પણવૃત્તિને યાદ કરવા રહ્યા.

માતૃભાષાના મહિમાની વાત કરતા હોઇએ ત્યારે મુંબઇ પ્રાંતની સિવિલ સર્વિસમાં જોડાયેલા અને ૮મી એપ્રિલ ૧૮૪૬માં અમદાવાદના આસિસ્ટન્ટ જજ તરીકે જોડાયેલા અલેકઝાન્ડર કિનલોક ફાર્બસને કેમ ભૂલી શકાય ? ફાર્બસનું ગુજરાત માટે મુખ્ય પ્રદાન એટલે ગુજરાતના ઇતિહાસનું શબ્દદેહ સ્વરૂપ. આ ઇતિહાસ એટલે ‘‘રાસમાલા’’. ગુજરાતી ભાષાના વિકાસ માટે તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી. આજે પણ મુંબઇમાં ‘ફાર્બસ ગુજરાતી સભા’ ગુજરાતી ભાષા સાહિત્યનું સંશોધન કરી સમયના પ્રવાહ સાથે વિદ્યાવૃદ્ધિનું સુંદર કાર્ય પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર સાહેબના માર્ગદર્શન હેઠળ નવીન સિદ્ધિઓ પામી રહ્યું છે.

ગોંડલના ભૂતપૂર્વ લોકપ્રિય વિદ્યાપ્રેમી રાજવી સર ભગવતસિંહજીએ છવ્વીસ વરસની અવિરત શબ્દસાધના કરીને ગુજરાતી ભાષાને ‘ભગવદ્ગોમંડલ’ કોશ આપ્યો તેની વિશેષ નોંધ લેવી રહી. આ કેટલું મહાન અને અદ્‌ભુત કાર્ય છે કે જેના વિશે મહાત્મા ગાંધીએ લખ્યું કે, ‘‘પ્રસ્તાવના લખવાની મારી શક્તિ નથી. તમારા સાહસથી હું મુગ્ધ થયો છું. એથી માતૃભાષાની મોટી સેવા થશે એમ હું માનું છું.’’ આ મહાન વિશ્વકોશે પ્રથમવાર બતાવી આપ્યું કે ગુજરાતી ભાષામાં કેટલી અમાપ શક્તિ છે ! એક જ શબ્દ કેવા નવા-નવા અર્થમાં પ્રયોજી શકાય છે ! આ કોશનું ભાષાભંડોળ વિશાળ અને ભવ્ય છે. એમાં બે લાખ, એક્યાશી હજાર, ત્રણ સો સિત્તોતેર શબ્દ છે. અર્થો સાથે તો આઠ લાખથી પણ વધુ શબ્દો છે. ગુજરાતી ભાષામાં આટલા બધા શબ્દો છે એની સૌ પ્રથમવાર જાણ આ કોશ દ્વારા જ આપણને થઇ છે ! ભગવદ્ગોમંડલ એ ડિક્શનરી કે જોડણીકોશ નથી, આ તો ગુજરાતી ભાષાના ગૌરવ સમાન ‘વિશ્વકોશ’ છે તેવું પ્રવીણ પ્રકાશન, રાજકોટના શ્રી ગોપાલ એમ. પટેલ પ્રથમ પુનમુદ્રણ વખતે જણાવે છે.

ગુજરાતી ભાષાને સન્માન અપાવે તેવું બીજું ભગીરથકાર્ય ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી વિશ્વકોશ બનાવવાનું થયું છે. ગુજરાતના પીઢ ગાંધીવાદી સામાજિક કાર્યકર ઉત્તર ગુજરાતના વિસનગરના વતની સ્વ. શ્રી સાંકળચંદભાઇ પટેલની પ્રેરણાથી ગુજરાતી ભાષામાં વિશ્વકોશ તૈયાર કરવાના દૃઢ સંકલ્પ સાથે આ ટ્રસ્ટની સ્થાપના થઇ. ગુજરાતની અસ્મિતાના અભિજ્ઞાનનું આ કાર્ય સ્વ. પૂજ્ય શ્રીમોટાની અધૂરી મનીષા પૂર્ણ કરવા સ્વ. શ્રી સાંકળચંદભાઇએ આ કાર્ય કરવા ડૉ. ધીરુભાઇ ઠાકરને પ્રેર્યા. આજે આ કાર્ય પદ્મશ્રી કુમારપાળ દેસાઇ આગળ ધપાવી રહ્યા છે. વિશ્વના અનેક દેશોએ પોતાની માતૃભાષાના મહત્ત્વને સમજી, અંગ્રેજી ભાષા કે અન્ય કોઇ ભાષાના પ્રભુત્વને સ્વીકારતા નથી તેમજ પોતાની માતૃભાષાના બળે વિકાસ કરી રહ્યા છે તેની નોંધ લઇ બોધ ગ્રહણ કરીએ. નોર્વે, ઇઝરાયલ, સ્વીડન, જેવા દેશોમાં માતૃભાષા સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. આપણે ધ્યાનમાં રાખવાનું રહેશે કે આલ્બર્ટ આઇન્સ્ટાઇને સાપેક્ષતાનો સિદ્ધાંત માતૃભાષા જર્મનમાં રજૂ કરેલો, એરિસ્ટોટલ, પાયથાગોરાસ, કાર્લ માર્કસ તેમજ બર્ટ્રાન્ડ રસેલે પણ પોતાના વિચારો માતૃભાષામાં રજૂ કરેલા.

દુર્ભાગ્યે, આજે એવો એક આભાસ ઊભો કરવામાં આવી રહ્યો છે કે વૈશ્વિકીકરણના આ સમયમાં મજબૂત રીતે ટકી રહેવું હોય તો બસ, અંગ્રેજી શીખો, અંગ્રેજીમાં ભણો, તેના પર પ્રભુત્ત્વ મેળવો. અંગ્રેજી ભાષાનો મુકાબલો કરી શકે તેવી કોઇ ભાષા નથી. તો પછી આપણી ગુજરાતીનું શું ગજું ? અહીં સવાલ ભાષાનો નથી પરંતુ ભાષા થકી પશ્ચિમના સંસ્કાર અને સંસ્કૃતિને લીધે આપણી જીવનશૈલી પર પડનારી દુરગામી અસરો વિશે ચિંતન કરવાનો છે.

યુનાઇટેડ નેશન્સ (યુનો) દ્વારા ચિરંજીવી વિકાસ માટે ૨૦૩૦નો એજન્ડા તૈયાર કરવામાં આવ્યો છે. વિશ્વની કાયાપલટ માટેનો યુનોનો આ એજન્ડા છે. આ માટે બહુ પરિણામી બાબતો થકી ટકાઉ વિકાસ શક્ય બનશે તેના પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે : People, Planet, Prosperity, Peace અને Partnership. આ બાબતોને અનુલક્ષીને ૨૦૩૦ સુધીમાં હાંસલ કરી શકાય તેવા ૧૭ લક્ષ્યો બનાવવામાં આવ્યા છે. આ પૈકી લક્ષ્યાંક-૪ Ensure Inclusive and equitable Quality education and Promote learning opportunities for all છે.

સર્વ સમાવેશક, ન્યાયી, ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવું તથા સર્વને અભ્યાસની તકો પૂરી પડે તે સુનિશ્ચિત કરવાના ચોથા ધ્યેય અંગે યુનેસ્કો દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૬ના નીતિ વિષયક પેપર-૨૪માં મુખ્ય મુદ્દો ઉપસ્થિત કરાયો છે કે - If you don't understand, how can you learn ? આ પોલીસી પેપરમાં મુખ્ય પાંચ બાબતોની ભલામણ કરાયેલ છે. (૧) બાળકો જે ભાષા સમજી શકે તે ભાષામાં જ શિક્ષણ આપો. ઓછામાં ઓછા છ વર્ષ માતૃભાષામાં શિક્ષણ આપવું તેમજ ક્રમશઃ બીજી ભાષા શીખવવી. (૨) શિક્ષકો એકથી વધુ ભાષામાં ભણાવી શકે તેવી ભાષાકીય સજ્જતા વધારવી. (૩) શિક્ષકોની ભરતી વૈવિધ્યતા પૂર્ણ રીતે કરવી. (૪) સર્વસમાવેશક શિક્ષણ સાહિત્ય તૈયાર કરવું અને (૫) સાંસ્કૃતિક રીતે સુસંગત શાળાના વિવિધ પ્રોગ્રામો ગોઠવવા. આમ, વૈશ્વિક રીતે પણ બહુભાષાના સિદ્ધાંતને સ્વીકારમાં આવ્યો છે. જ્યારે આપણે અંગ્રેજી પાછળ આંધળીદોટ મૂકી છે.

અંતે, ભાષાકીય સજ્જતા તથા સાંસ્કૃતિક વારસાની રખેવાળી માટે એક અલગ ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ યુનિવર્સિટીની સ્થાપના કેમ ન થઇ શકે ? આજે ગુજરાતમાં ખેલકૂદની યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર એજ્યુકેશન યુનિવર્સિટી જેવી વિશિષ્ટ ક્ષેત્રની યુનિવર્સિટીઓ છે તો ગુજરાતી ભાષાની અલગ યુનિવર્સિટી કેમ નહીં ? અન્ય રાજ્યોમાં સંસ્કૃત યુનિવર્સિટી, ઉર્દુ યુનિવર્સિટી જેવી ભાષાની યુનિવર્સિટીઓ છે તો ગુજરાતમાં ગુજરાતી ભાષાની યુનિવર્સિટી કેમ નહીં ? જય જય ગરવી ગુજરાતને ગાવાની પાત્રતા દાખવવા આ દિશામાં સર્વ સ્તરેથી ઘટતું ચિંતન થાય તે સમયની માંગ છે.

**તા. ૦૧-૦૩ -૨૦૧૭**
**પાટણ.**

**પ્રોફે. બી.એ. પ્રજાપતિ**
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## પુસ્તક પ્રદર્શન





તા. ૨૧-૨-૨૦૧૭ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ દ્વારા પ્રકાશિત ૩૩ વિષયોના ૫૦૬ પુસ્તકોનું પ્રદર્શન મા. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ દ્વારા ખુલ્લુ મુકવામાં આવ્યું. આ સાથે પુસ્તકોનું વેચાણ પણ રાખવામાં આવેલ. તેમજ ગ્રંથનિર્માણ બોર્ડમાં વિવિધ વિષયોમાં વિદ્યાર્થીઓને વાચનમાં લાભ થઈ રહે તે માટે સંદર્ભ પુસ્તકો અને અભ્યાસક્રમના પુસ્તકો તજજ્ઞો દ્વારા લખાય તે માટે બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીઓ સાથે ગ્રંથનિર્માણ બોર્ડના પ્રકાશન અધિકારી શ્રી આનંદભાઈ ભટ્ટ સાથે મા. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને એક મિટીંગ યોજાઈ. જેમાં પુસ્તકો લખવા અને અનુવાદ કરવા પર ચર્ચા થઈ.

## વર્કશોપ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની ‘CASH’ દ્વારા ‘સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વુમન એટ વર્ક પ્લેસ : ઈસ્યુઝ એન્ડ સોલ્યુસન્સ’ વિષય પર નેશનલ વર્કશોપ યોજાઈ ગયો. શ્રી એમ.બી. કોટક (ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, પાટણ કોર્ટ)ના અધ્યક્ષ સ્થાને શ્રી મિતા પટેલ (એ.જી.એમ. એપોલો હોસ્પિટલ, અમદાવાદ), શ્રી નરેન્દ્ર ગુપ્તા, નંદા અભયકર, શ્રી સોનાલી બેનર્જી તથા શ્રી એ. કે. પટેલ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યા.

# કોલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

✻ હે.ઉ.ગુ.યુ. પાટણ, લાયન્સ કલબ ઓફ ઊંઝા તેમજ શ્રી જે.એમ.પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ.એન.પી. કોમર્સ મહિલા કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા લિહોડા ગામે તા. ૩૧-૧૨-૨૦૧૬ થી તા. ૬-૧-૨૦૧૭ દરમ્યાન યોજાયેલ ખાસ શિબિરમાં સર્વરોગ નિદાન કેમ્પ, શાળા રમત-ગમત સ્પર્ધા તેમજ ગ્રામ સફાઇ અભિયાન જેવી પ્રવૃત્તિઓ કરેલ.

✻ મર્ચન્ટ હોમિયોપેથીક હોસ્પિટલ અને મર્ચન્ટ સાયન્સ કોલેજના એન.એસ.એસ.ના સંયુક્ત સહયોગથી તા. ૫-૧-૨૦૧૭ના રોજ નિઃશુલ્ક નિદાન કેમ્પનું બાસણા કેમ્પસ ખાતે આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન કુલ ૩૦ ગામના ૫૧૮ નાગરિકોના નિદાન માટે રજીસ્ટ્રેશન થયા. એન.એસ.એસ.ના ૧૫ સ્વયંસેવકોએ ગામડેગામડે લોક સંપર્ક કરી જનસમુદાયને સ્વાસ્થ્યની જાણકારી આપી તેમજ જરૂરિયાત મંદ દર્દીઓને ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ દ્વારા દવાઓ આપવામાં આવી.

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરની એન.એસ.એસ. યુનિટની શિબિર કહીપુર મુકામે તા. ૦૬-૦૧-૨૦૧૭ થી તા. ૧૨-૦૧-૨૦૧૭ દરમ્યાન યોજાઇ. જેમાં વ્યસન મુક્તિ, સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, અંધશ્રદ્ધા નિવારણ, કેશલેશ ટ્રાન્ઝેકશન વગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવક ભાઇ-બહેનો દ્વારા વ્યસનમુક્તિ રેલી, જાદુના ખેલ, વેશભૂષા રેલી, સાંસ્કૃતિક પ્રોગ્રામ દ્વારા જનજાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો હતો.

✻ ધી ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ધી ધનસુરા પિ.કો.ઓ.બેંક. લિ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરાના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ધનસુરા પોલિસ સ્ટેશન અને કોલેજ દ્વારા માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત રોડ સેફ્ટી કાર્યક્રમ યોજાયો. ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. શ્રી એસ.બી. ગઢવીએ વિદ્યાર્થીઓને અકસ્માત નિવારણની સાવચેતી, ટ્રાફિકના નિયમો, પાર્કિંગ વ્યવસ્થા તથા રોડ સેફ્ટી માટેના નિયમોનું પાલન કરવાની જરૂરીયાત અંગે માહિતી આપી હતી.

✻ શ્રી એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ દ્વારા તા. ૨૦-૦૧-૨૦૧૭ થી ૨૬-૦૧-૨૦૧૭ના રોજ કડી તાલુકાના નગરાસણ ગામે ખાસ શિબિરનું આયોજન કરાયું. શિબિરમાં ડિજીટલ બેંકીંગ, સ્વછતા અભિયાન, બેટી બચાવો, ગ્રામ સર્વે, મેડીકલ કેમ્પ, કૃષિ આધુનિકીકરણ, કાનુની સલાહ તેમજ શેરી નાટકો વગેરે દ્વારા ગ્રામ જાગૃતિના કાર્યક્રમ કરાયાં.

✻ સરકારી વિનયન કોલેજ, વાવના એન.એન.એસ. વિભાગની વાર્ષિક શિબિર તા. ૨૩-૦૧-૨૦૧૭ થી તા. ૨૯-૦૧-૨૦૧૭ સુધી વાવ તાલુકાના પ્રતાપપુરા મુકામે યોજાઇ હતી. જેમાં સ્વચ્છતા અભિયાન, જન જાગૃતિ કાર્યક્રમો, વ્યસન મુક્તિ, અંધશ્રદ્ધા નિવારણ, આરોગ્ય સારવાર, પશુ સારવાર, બૌદ્ધિક વ્યાખ્યાનો, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવી પ્રવૃત્તિઓ યોજાઇ હતી.

✻ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં એન.એન.એસ. દ્વારા સરસ્વતી તાલુકાના કાંસા ગામમાં તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તા. ૦૧-૦૨-૨૦૧૭ દરમિયાન વાર્ષિક શિબિર યોજવામાં આવી. શિબિરમાં સમાજ સેવાને લગતા સર્વ રોગ નિદાન કેમ્પ, ગામ સફાઇ, પશુ સારવાર કેમ્પ, અંધશ્રદ્ધા નિવારણ,

બેટી બચાવો, દહેજપ્રથા, વ્યસનમુક્તિ, જનજાગૃતિ રેલી, યોગના કાર્યક્રમો, ગામનું આર્થિક-સામાજિક સર્વેક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૬૨ સ્વયંસેવકો જોડાયા હતાં.



✻ ધી.મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત માતૃશ્રી એલ.જે. ગાંધી બી.સી.એ. કોલેજ અને હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના આયોજિત મોડાસા તાલુકાના નવા (દાવલી) ગામે સાત દિવસની યુવાજન જાગૃતિ શિબિર યોજાઇ. શિબિરમાં સ્વચ્છતા અભિયાન, કાનુની માર્ગદર્શન, પશુસારવાર કેમ્પ, મહિલા સંમેલન, યોગ શિબિર, ખેતી વિષયક માહિતી, સર્વરોગ નિદાન કેમ્પ, પ.પૂ. લાલજી મહારાજના સાનિધ્યમાં ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરાર્થીઓએ રાજેન્દ્રનગર સહયોગ કૃષ્ટરોગોના દર્દીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી તેમજ શૌચાલયો વિહોણા ગામજનોની યાદી તૈયાર કરી હતી.

## ઉજવણી

✻ શ્રી ઊંઝા કેળવણી મંડળ સંચાલિત એ.એસ.બી. પટેલ કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ઊંઝામાં બી.બી.એ. તથા બી.કોમ.ના વિદ્યાર્થી દ્વારા તા. ૨-૧-૨૦૧૭ થી તા. ૬-૧-૨૦૧૭ દરમ્યાન ચાઇલ્ડહુડ ડે, કેરેકટર ડે, વેડિંગ ડે, ગ્રૂપ ડે, રેટ્રો તથા હોરર ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

✻ શ્રી શામળાજી આરોગ્ય સેવા ટ્રસ્ટ ગોધરા દ્વારા સંચાલિત શ્રી શામળાજી હોમિયોપેથિક મેડીકલ કોલેજ તથા શ્રી ઘંટાકર્ણ મહાવીર ફીજીઓથેરાપી કોલેજ અને શ્રી શામળાજી સ્કૂલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન કોલેજ દ્વારા તા. ૧૧-૦૧-૨૦૧૭ના રોજ વાર્ષિક દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું નામ (ઝંકાર-૨૦૧૭) રાખવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા સ્પોર્ટ્સવીકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જે વિદ્યાર્થીઓ વિજેતા થયેલા હતા તેમને ઇનામ વિતરણ તથા સર્ટીફીકેટો પણ એનાયત કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પ્રથમથી ચોથા વર્ષમાં જે વિદ્યાર્થીઓ પ્રથમ અને બીજાક્રમે આવ્યા હતા તેમણે ઇનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ડાન્સ, નાટક, રાસ, ગરબા, ફિલ્મગીતો, નૃત્ય વિગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા.

✻ લક્ષ્મી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ટી.ટી. કોલેજ, વિસનગરમાં તા. ૧૨-૧-૨૦૧૭ના રોજ સપ્તધારા અંતર્ગત સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. તાલીમાર્થીઓ દ્વારા સ્વામી વિવેકાનંદના બાળપણ, શિક્ષણ, ભારત અને વિશ્વમાં તેમને કરેલ કાર્યો જેવા વિષયો પર વકતવ્યો, નાટક તેમજ સૂત્રો અને પોસ્ટર પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું.

✻ ધી ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ધી ધનસુરા પિ.કો.ઓ.બેંક. લિ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરાના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે તા. ૧૨-૦૧-૨૦૧૭ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ઉજવવામાં આવી. જેમાં પ્રો. પારૂલબેન સોનીએ સ્વામી વિવેકાનંદના પ્રેરણાદાયી વિચારો રજુ કર્યા. તથા પ્રિ. ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે યુવાનોને જીવનનો ધ્યેય નક્કી કરી દ્રઢ સંકલ્પ સાથે પૂર્ણ કરવા મહેનત કરવાની વાત કરી.

✻ તા. ૧૨-૧-૨૦૧૭ના રોજ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં સ્વામી વિવેકાનંદની ૧૫૪મી જન્મજયંતિ નિમિતે વિદ્યાર્થિનીઓએ સ્વામી વિવેકાનંદના જીવન ઝરમર, ક્રાંતિકારી વિચારો અને કાર્યો અંગે શીતલ રબારી, કાજલ ચમાર, સોનીયા દસવાની, પલ સોની, સુમન ભંગી, બીનલ ઠાકોર, કાજલ ઠાકોરે વક્તવ્યો આપ્યા હતા.

✻ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ કોલેજ, વડગામમાં તા. ૧૨મી જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જન્મજયંતીની ઉજવણી થઇ. જન્મજયંતી નિમિતે યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાને પ્રજાપતિ ભાવેશ, દ્વિતીય નંબરે ચૌધરી ગણેશ અને તૃતીય નંબરે રાવલ યતીન રહ્યા હતા. તેમજ તા. ૧૩ જાન્યુઆરીના રોજ કોલેજના સાંસ્કૃતિક વિભાગ દ્વારા 'પતંગોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

✻ ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તા. ૩૦-૦૧-૨૦૧૭ના રોજ એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે શહીદ દિનની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, વ્યાખ્યાન અને બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું.

✻ શ્રીમતી પી.આર. પટેલ આર્ટ્સ કોલેજ, પલાસરમાં તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ગાંધી નિર્વાણ દિને બે મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિને કોલેજ પુસ્તકાલયમાં ગાંધી સાહિત્ય અને તેમના જીવન પ્રસંગો આધારિત ફોટોગ્રાફ્સનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

✻ સરકારી વિનયન કોલેજ, વાવમાં તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે કાર્યક્રમમાં બે મિનિટનું મૌન પાળીને મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. તથા બાપુના જીવન પ્રસંગો વિષે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ વક્તવ્ય આપ્યા હતા.

✻ ''હિંમત વિદ્યાનગર'' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરના સંસ્કૃત વિભાગ દ્વારા ગીતાજયંતિનું આયોજન તા. ૩૧-૦૧-૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું. પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરે સંસ્કૃત ભાષાનું અને આ ભાષામાં રહેલી ભગવદ્ ગીતાનું મહત્ત્વ બતાવી યુવાનોને આ વિષય માટે જાગૃત કર્યા. ડૉ. બલાભાઇ રબારીએ ભગવત ગીતાનું મહત્ત્વ બતાવી

જીવનમાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પ્રોત્સાહિત કર્યા. જ્યારે ડૉ. સમીરકુમાર પ્રજાપતિએ ગીતાની વિશેષતાઓ જણાવી, કર્મસુ કૌશલમ્ યોગઃ, સ્વધર્મે નિધનં શ્રેયઃ અને લોકસંગ્રહની સમાજમાં કેટલી જરૂરિયાત છે, એનું સદૃષ્ટાંત નિરૂપણ કરી ભગવદ્ ગીતાનું જીવનમાં કેટલું મહત્ત્વ છે, તે જણાવ્યું હતું.

❊ આર્ટ્સ કોલેજ, શામળાજીમાં વિવેકાનંદજીની ૧૫૪મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં વિવેકાનંદજીની જીવન દર્શનીનું પ્રદર્શન ગોઠવવામાં આવેલું અને તેમના જીવન પર આધારિત ફિલ્મ નિહાળી હતી.

❊ શ્રી એન.એમ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરમાં સ્વામી વિવેકાનંદ સ્ટડી સેન્ટરના ઉપક્રમે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી પ્રિ. ડૉ. રાજેશ ત્રિવેદીએ સ્વામી વિવેકાનંદ અને માનવધર્મ વિષયથી અને મુખ્ય વક્તા નવીનભાઇ ભોજકે સ્વામી વિવેકાનંદના પ્રેરક પ્રસંગો અને વિચારો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતાં.

❊ શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણાના સ્વામી વિવેકાનંદ કેન્દ્ર અને એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય યુવાદિનની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ ‘‘સ્વામી વિવેકાનંદ અને આજનો યુવાન’’, કો-ઓર્ડીનેટર પ્રો. રાકેશ જોષીએ સ્વામી વિવેકાનંદના જીવનના વિવિધ દ્ષ્ટાંતો આપી વિશ્વબંધુત્વની વિચારધારા અપનાવવા ઉપર ભાર મૂક્યો. તેમજ વિદ્યાર્થીઓ ડીઝીટલ પેમેન્ટ અને કેશલેશ પ્રથા અપનાવતા થાય તે અનુસંધાને સતલાસણા એસ.બી.આઇ. મેનેજરશ્રી ભરતભાઇ મોઢનું વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં એસ.બી.આઇ. ફીડમ, એસ.બી.આઇ. બડી, એ.ટી.એમ., નેટ બેન્કીંગ અને ટેક્નોલોજીનો સાવચેતી પૂર્વક ઉપયોગ વગેરે વિષય પર માહિતી આપી હતી. કાર્યક્રમના અંતમાં સ્વામી વિવેકાનંદના જીવન આધારીત પ્રસંગોની એક ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કાર્યક્રમ

❊ આર્ટ્સ કોલેજ, શામળાજીમાં તા. ૨૮-૦૧-૨૦૧૭ના રોજ વુમન સેલ અંતર્ગત સ્ત્રી અપરાધ નિવારણની સ્ત્રીઓ માટેની કાયદાકીય જોગવાઇઓ અંગે કુ. હીનાબેન ભટ્ટ (મેજીસ્ટ્રેટ-સી.બી.આઇ. વિભાગ-અમદાવાદ) અને કુ. નીપાબેન રાવલ (ડિસ્ટ્રીક્ટ જજ) અમદાવાદ દ્વારા સ્ત્રીઓ પર થતી ઘરેલુ, હિંસા, મારઝૂડ, ચાઇલ્ડ કેર, ૧૮ વર્ષથી નીચેની વયનાં બાળકોની ગુનાહીત પ્રવૃત્તિઓ, સ્થાવરજંગમ મિલકતના પ્રશ્નો, છૂટાછેડાના પ્રશ્નો વગેરેની સદૃષ્ટાંત જાણકારી પુરી પાડેલ.

❊ આર્ટ્સ કોલેજ, શામળાજીમાં ગાંધીનિર્વાણદિનના ઉપક્રમે મહાત્મા ગાંધી અને શહીદોની શ્રદ્ધાંજલિના કાર્યક્રમો યોજાયા. કાર્યક્રમનો પ્રારંભ ડૉ. સંજય પંડ્યા ગાંધી વિષયક ખ્યાત પદ્યરચનાઓથી કરેલ, ત્યારબાદ ડૉ. હેમંત પટેલ અને ડૉ. દિલીપ પટેલ નિર્મિત ‘ગાંધી ડોક્યુમેન્ટ્રી ક્લીપીંગ’ દર્શાવેલ. સભાખંડમાં નિર્ધારિત સમયે સહુએ બે મિનિટ મૌન ધારણ કરીને રાષ્ટ્રના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.

## ગૌરવ

❊ નીલકંઠ સાયન્સ કોલેજ, મક્તુપુર ખાતે ૨૧ થી ૨૩મી જાન્યુઆરી ૨૦૧૭ દરમ્યાન યુનિવર્સિટી કક્ષાની ‘ડિજીટલ ઇન્ડિયા વર્કશોપ’નું આયોજન કરાયું. જેમાં શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટના ૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં યોજાયેલ ક્વિઝ કોમ્પીટીશનમાં પઠાણ આરિફખાને ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ.

❊ મહિલા કોલેજ, ઊંઝાની વિદ્યાર્થિની કુ. નેહા હસમુખભાઇ પ્રજાપતિ રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક દિન સમારોહમાં આણંદ મુકામે યોજાયેલ પરેડમાં પસંદગી પામી હતી.

## તાલીમ

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુમાં સપ્તધારા અંતર્ગત નાટ્યધારામાં નાટક અભિનયની તાલીમ આપવામાં આવી. વિદ્યાર્થીઓમાં તખ્તાલાયકિ તથા અભિનયક્ષમતા કેળવાય તે હેતુથી ‘‘આજે ધંધો બંધ છે’’ તે નાટક વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાવી ભજવવામાં આવ્યું.

❊ ડિમ્સ ઇન્ટિટ્યુટ હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, અમદાવાદ અને ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના કારકિર્દી માર્ગદર્શન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે હોસ્પિટાલિટી મેનેજમેન્ટ અને ટ્રાયબલ ટુરીઝમના ત્રણ માસના કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. કોર્ષમાં કોલેજના કુલ ૮૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓએ હોસ્પિટાલીટી અંગેની સઘન તાલીમ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને હોટેલ હયાત, અમદાવાદ ખાતે પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી હતી.

## રમતોત્સવ

તા. ૧૦-૦૧-૨૦૧૭ના રોજ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં રમતોત્સવ યોજાઇ ગયો. કોલેજના સ્ટાફે પણ દોડ, રસ્સાખેંચ અને કોથળા દોડ જેવી હળવી રમતોમાં ભાગ લઇ તાલીમાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## વર્કશોપ

કોલેજ ઓફ એજ્યુકેશન, વડસ્મામાં તા. ૦૧-૦૨-૨૦૧૭ થી તા. ૦૩-૦૨-૨૦૧૭ સુધી ‘શાંતિનું સર્જન’ કાર્યશિબિરનું આયોજન અમદાવાદ સ્થિત યુવક વિકાસ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી મયંકભાઇ ઉપાધ્યાય અને શ્રી હિરણ્યભાઇ વ્યાસ દ્વારા ‘શાંતિનું સર્જન’ કઇ રીતે કરી શકાય તેનું જ્ઞાન તાલીમાર્થીઓને આપવામાં આવ્યું હતું.

## વાર્ષિકોત્સવ

❊ શ્રી ઊંઝા કેળવણી મંડળ સંચાલિત એ.એસ.બી. પટેલ કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ઊંઝા ખાતે તા. ૭-૧-૨૦૧૭ના રોજ કોલેજનો વાર્ષિકોત્સવ સમારોહ યોજાયો હતો. જેમાં વિવિધ ડાન્સ, ગરબા તથા સામાજિક નાટકો રાખવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પણ વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું.



* શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગરમાં તા. ૨૦-૦૨-૨૦૧૭ના રોજ વાર્ષિક પારિતોષિક વિતરણ અને બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ.ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ પ્રિ. ડૉ. એમ.એફ. પટેલના માર્ગદર્શનથી યોજાયો હતો. કોલેજની એડહોક અધ્યાપિકા અમીબેન સોનીને જીસેટ પાસ કરવા બદલ સન્માનવામાં આવ્યા. મુખ્ય મહેમાન કુલપતિશ્રી પ્રો. ડૉ. બી.એ. પ્રજાપતિએ વિદ્યાર્થીઓને જીવનમાં પ્રગતિ માટેની ગુરુચાવીઓ આપી હતી. યુનિવર્સિટીની પરીક્ષામાં કોલેજમાં પ્રથમ આવનાર દરેક સેમેસ્ટરના વિદ્યાર્થીઓને તેમજ વિવિધ પ્રવૃત્તિમાં પ્રથમ ત્રણક્રમે આવનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા.



* શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, સતલાસણાનો એકવીસમો વાર્ષિકોત્સવ, ઇનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવાયો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મંડળના મંત્રીશ્રી ડૉ. નટુભાઈ પટેલે વિદ્યાર્થીઓની ભાવિ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. અતિથિશ્રી મહેશભાઈ પ્રજાપતિ (સરગમ બિલ્ડર્સ, સુરત) ઉપસ્થિત રહ્યા હતા. હેમ.ઉ.ગુ.યુનિ.ના કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ આધુનિકતાનો સંદર્ભ સમજાવી વર્તમાન ટેકનોલોજીનો મહત્તમ સદ્ઉપયોગ અને હકારાત્મક અભિગમ કેળવવા ઉપર ભાર મુકી સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. ડૉ. રાકેશ જોષીએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે સમજણ આપી હતી. વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ પ્રો. કલ્પનાબેન ચૌધરીએ ટૂંકમાં રજૂ કર્યો હતો. કુ. ખુશ્બુ જોષી અને યોગેશ પરમારે વિદ્યાર્થી પ્રતિનિધિ પ્રતિભાવ આપ્યા હતા. કોલેજનું વાર્ષિક સામયિક ‘અરવલ્લીનો ટહુકો’, ડૉ. મંજુલાબેન પટેલ લેખિત પુસ્તક ડૉ. અભિરાજ રાજેન્દ્રમિશ્રની ‘ગદ્યકૃતિ ચિત્રપર્ણી એક સમીક્ષા’ તથા સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત સેમિનારમાં પ્રસ્તુત થયેલ સંશોધન પેપરોને પ્રકાશિત કરતુ પુસ્તક ‘સમાજના પ્રશ્નો અને પડકારો’નું મહેમાનોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિઓને શિલ્પ તથા પ્રમાણપત્રો આપ્યા હતા. કુ. ખુશ્બુ જોષીએ એન.સી.સી. ક્ષેત્રે સાત જેટલા ગોલ્ડ મેડલ અને સુવર્ણ ચંદ્રક મેળવવા બદલ તેનુ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા નાટક, સ્કીટ, વેસ્ટર્ન ડાન્સ, નૃત્ય, ગરબો, રિમીક્સ ડાન્સ, રાસ વગેરે કૃતિઓ રજૂ કરી સાંસ્કૃતિક કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો.

## વ્યાખ્યાન

* આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના આઇ.ક્યુ.એ.સી. સેલ દ્વારા તા. ૫-૧-૨૦૧૭ના રોજ એસ્ટ્રોક્સ કોર્પોરેશન, અમેરીકાના સી.ઇ.ઓ. ડૉ. અજય પી. કોઠારીનું Robust Reuzable Rockets વિષય પર વ્યાખ્યાન યોજાયું. ડૉ. કોઠારીએ અંતરીક્ષમાં ઉપગ્રહોને મુકવામાં વપરાતા જુદા જુદા રોકેટ્સને પૃથ્વી પર પાછા ઉતારીને તેનો ફરીથી ઉપયોગ કઇ રીતે કરી શકાય તે ટેક્નોલોજીની માહિતી પુરી પાડી હતી. વ્યાખ્યાન બાદ વિદ્યાર્થીઓ અને કોલેજના સ્ટાફ સભ્યોએ રોકેટ ટેક્નોલોજી વિષે પૂછેલ પ્રશ્નોનાં ડૉ. કોઠારીએ જવાબો આપ્યા હતા.

* શામળાજીની કોલેજમાં તા. ૧૭-૦૧-૨૦૧૭ના રોજ ગાંભોઇ કોલેજના પ્રાચાર્ય ડૉ. બી.એમ. ગાંધીનું સંસ્કૃત નાટક વિષયક વ્યાખ્યાન યોજાયું હતું. વક્તાશ્રી એ સંસ્કૃત ભાષા કેટલી સરળ-રોચક છે તે સદષ્ટાંત સમજાવ્યું હતું.

* ‘‘હિંમત વિદ્યાનગર’’ સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૨૩-૦૧-૨૦૧૭ના રોજ ડૉ. રેખાબેન ભટ્ટે (સુરત) ‘‘સ્ત્રી સશક્તિકરણ અને સાહિત્ય’’ વિષય પર તેમજ પ્રા. હેમલબેન ભટ્ટે (રાજકોટ) ‘‘જીવનમાં હકારાત્મક વલણનું મહત્ત્વ’’ વિષય પર વ્યાખ્યાન આપેલ તેમજ ઉદ્દિશા કલબ દ્વારા તા. ૩૦-૦૧-૨૦૧૭ના રોજ એમ.એન. સાયન્સ કોલેજ - પાટણના અંગ્રેજી વિભાગના એસો. પ્રોફેસર ડૉ. પ્રેમનાથમિશ્રા દ્વારા Personality Development and Positive Attitude વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ.

* વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા ખાતે તા. ૨૪-૧-૧૭ના રોજ વિદ્યાર્થી માટે ‘વૈદિકગણિત’ પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં શ્રી પ્રકાશભાઇ રાયચુરાએ વિદ્યાર્થીઓને વિવિધ ગાણિતીક પદ્ધતિની ટુંકી રીતોનું વ્યાખ્યાન આપ્યું હતું.

* શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ કોલેજ, વડગામમાં તા. ૩૧મી જાન્યુઆરીના રોજ નાટ્યધારા અંતર્ગત ‘અભિનયકળા’ પર એક વ્યાખ્યાન યોજાયું હતું. વ્યાખ્યાતા તરીકે અભિનેતા અને દિગ્દર્શક શ્રી કપિલદેવ શુકલ તેમજ એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના પરફોર્મ આર્ટ્સ વિભાગના અધ્યક્ષ ડૉ. હરીશ વ્યાસે ‘નાટકમાં અભિનય’ વિષય અંતર્ગત અભિનયકળાના જુદા જુદા પ્રકારોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

* હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજ, હિંમતનગરમાં યુનિવર્સિટી અને કોલેજ કક્ષાની વ્યાખ્યાનમાળાનું આયોજન કરેલ જેમાં કોલેજ કક્ષાની વ્યાખ્યાનમાળામાં ડૉ. ડી.એસ.

પબરેજાએ આવર્તકોષ્ટકના ગુણધર્મો અને ઉપયોગો વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું તથા ડૉ. વી.એમ. બારોટે ''સ્પેક્ટ્રોસ્કોપી'' વિષયના વ્યાખ્યાનમાં આઇ.આર., એન.એમ.આર., યુ.વી. વર્ણપટની વિસ્તૃત ચર્ચા કરી હતી.

## સેમિનાર

✻ ''હિંમત વિદ્યાનગર'' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુર દ્વારા તા. ૦૪-૦૧-૨૦૧૬ના રોજ ઉદિશા કલબ દ્વારા કારકિર્દી માર્ગદર્શન અંગે સેમિનાર યોજાયો હતો. પ્રા.જી.આઇ. દેસાઇએ વ્યાવસાયિક કારકિર્દીના ઘડતરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનું મહત્ત્વ એ વિષય પર વ્યાખ્યાન આપેલું. પ્રા. બલાભાઇ રબારીએ વિદ્યાર્થીઓને બાયોડેટા કેવી રીતે બનાવવો એ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

✻ નીમા મેમોરિયલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્માના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ અને કોમર્સ વિભાગના ઉપક્રમે તા. ૬ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ કેશલેશ સિસ્ટમ એન્ડ ડીજીટલ બેન્કીંગ પર એક દિવસીય સેમિનાર યોજાયો. આ પ્રસંગે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા-ચાણસ્માના મેનેજરશ્રી દિલીપભાઇ સુતરિયાએ કેશલેશ સિસ્ટમ એન્ડ ડીજીટલ બેન્કિંગ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

✻ ગુજરાત નઈતાલીમ સંઘ અને લોકનિકેતન, રતનપુર સંસ્થાના ઉપક્રમે તા. ૯ થી ૧૧ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ગુજરાત નઈતાલીમ સંઘનું ૩૩મું દ્વિવાર્ષિક અધિવેશન અને ૩૨મું આચાર્ય શિક્ષક, ગૃહપતિ, ગૃહમાતા, કાર્યકર સંમેલન લોકનિકેતન સંસ્થામાં યોજાઇ ગયું. અધિવેશનમાં નઈતાલીમના વિચારને ઊંડાણથી સમજાવતા વક્તવ્યો, થયેલા પ્રયોગો, હાલની પરિસ્થિતિમાં કરવા જેવા કામો અંગે ચર્ચા વિતારણા થઇ. આ પ્રસંગે બૌધિક વ્યાખ્યાનો ઉપરાંત ખાદી વેચાણ સ્ટોલ, વ્યસનમુક્તિ પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમ, મેદાની કાર્યક્રમ, પુસ્તક વેચાણ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. બહારથી પધારેલ ૧૭૫ સંચાલક, આચાર્ય, કાર્યકરો ઉપરાંત લોકનિકેતન સંસ્થાના ૧૦૦ કાર્યકરો અને વિદ્યાર્થીઓએ આ અધિવેશનમાં ભાગ લીધો હતો.

✻ ધી ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ધી.પી.સી.બી.એલ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરાના 'સપ્તધારા'ના ઉપક્રમે તા. ૧૯-૦૧-૨૦૧૭ના રોજ CENTRAL & STATE GOVERNMENT COMPETITIVE EXAM AWARENESS SEMINAR યોજાયો. જેમાં વિષય તજજ્ઞ તરીકે મોડાસા પી.ટી.સી. કોલેજના પ્રિ. ડૉ. સંતોષભાઇ દેવકરે અને અમદાવાદના ગઢવી કેરિયર એકેડમીના પ્રા. પ્રફુલ્લભાઇ ગઢવીએ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કેવી રીતે કરવાની તેની સમજ અને જરૂરી મટીરિયલ આપેલ.

## સ્પર્ધા

✻ તા. ૦૮-૧૨-૨૦૧૬ના રોજ કોલેજ ઓફ એજ્યુકેશન, વડસ્મામાં પુસ્તકાલય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓના એ.બી.સી.ડી. એમ ચાર ગ્રૃપ પાડી અલગ-અલગ પુસ્તકના શીર્ષક દરેક તાલીમાર્થીને આપી પુસ્તકાલયમાં જઇને ચોક્કસ સમય મર્યાદાની અંદર તે પુસ્તકનું પ્રકાશન, કિમત, લેખક અને આવૃતિ લખી લાવવાનું કહેવામાં આવ્યું હતું. દરેક ગ્રૃપમાંથી સૌથી પહેલા શોધી લાવનારને નંબર આપવામાં આવ્યો હતો.

✻ મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૪-૧-૧૭થી તા. ૧૦-૧-૧૭ દરમિયાન રેડ-ડે, સાડી-ડે, બેક-ટુ સ્કૂલ-ડે, સ્પોર્ટ્સ-ડે, વેશભૂષા હરિફાઇ, વાનગી સ્પર્ધા યોજવામાં આવી.

✻ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કોલેજમાં તા. ૬ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ મહેંદી, રંગોળી અને ચિત્ર સ્પર્ધા યોજાઇ. મહેંદી સ્પર્ધામાં પ્રથમ નંબરે રોશની પ્રજાપતિ, દ્વિતીય નંબરે શીતલ ચૌધરી અને તૃતીય નંબરે પ્રિયંકા મકવાણા તેમજ રંગોળી સ્પર્ધામાં પ્રથમ નંબરે પ્રિયંકા મકવાણા, દ્વિતીય નંબરે શીતલ ચૌધરી અને તૃતીય નંબરે નીલમ ચૌધરી રહ્યા હતા. તેમજ તા. ૧૨-૦૧-૨૦૧૭ના રોજ સ્વામી વિવેકાનંદની ૧૫૪મી જન્મજયંતિ નિમિત્તે શહેર કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ ગઇ. કાર્યક્રમમાં મહેસાણા શહેરની શાળા અને કોલેજોના કુલ ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં શાળા કક્ષાએ પ્રથમ નંબરે બારોટ શિવાની જયેશભાઇ, દ્વિતીય નંબરે જોશી શ્રેયા ભરતભાઇ તથા તૃતિય નંબરે મોદી મહેક નવીનભાઇ વિજેતા બન્યા હતા. કોલેજ કક્ષાએ પ્રથમ નંબરે રામાનંદી શક્તિ, દ્વિતીય નંબરે બારોટ જાનવી તથા તૃતિય નંબરે નાઇ સંદીપ અમૃતભાઇ વિજેતા બન્યા હતા.

✻ હેમ.ઉ.ગુ.યુનિ. આંતર કોલેજ સોફ્ટબોલ સ્પર્ધા (બહેનો) તા. ૨૦-૧-૨૦૧૭ના રોજ યોજાઇ. જેમાં જે.એમ.પી. આર્ટ્સ એન્ડ એમ.એન.પી. કોમર્સ મહિલા કોલેજ, ઊંઝાની ટીમ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ચેમ્પિયન બની હતી. તેમજ તા. ૧૨-૧-૨૦૧૭ના રોજ જ્ઞાનધારા અને સામુદાયિક સેવાધારા અંતર્ગત સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે ''સ્વામી વિવેકાનંદના વિચારો'' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન થયું. જેમાં પ્રથમ નંબરે દેસાઇ હિરલ ડી., દ્વિતીય નંબરે વાલ્મિકી હિના વી. અને તૃતિય નંબરે પટેલ ચિકિસા આવેલ.

✻ શ્રી સાર્વજનિક એજ્યુકેશન કોલેજ, મહેસાણા ખાતે ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ યોજાયેલ આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધામાં વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણાની બી.કોમ. સેમ-૨ની વિદ્યાર્થિની બારોટ જાનવી બીજાક્રમે વિજેતા બનેલ.

✻ એમ.એમ. ચૌધરી આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગરમાં જ્ઞાનધારા/ઉદીશા કલબ અંતર્ગત જનરલ નોલેજ ટેસ્ટ-૨૦૧૭નું આયોજન કરેલ. જેમાં પ્રથમક્રમે પરમાર કમલેશ, દ્વિતીયક્રમે મકવાણા પ્રવિણ અને તૃતીયક્રમે રાઠોડ રઘુવીર આવેલ હતા. તેમજ તા. ૨૪મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ હેમ.ઉ.ગુ.યુનિ.ના ગાર્ડીયેર અભિમન્યુ એવોર્ડ-૨૦૧૭ની સ્પર્ધામાં સેકશન-એમાં રાઠોડ રઘુવીરસિંહે તથા સેકશન-બીમાં પરમાર ડિમ્પલે સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરેલ હતા.

✻ તા. ૨૪-૦૧-૨૦૧૭ના રોજ શ્રીમતી આર.આર.એચ.પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ દ્વારા 'ગાર્ડીયેર અભિમન્યુ એવોર્ડ' પરીક્ષા લેવાઇ ગઇ. જેમાં કોલેજ કક્ષાએ ૫૦ વિદ્યાર્થિનીઓમાંથી પટેલ શ્વેતા આર. તથા ઠાકોર પુજા ડી. પ્રથમ અને દ્વિતીયક્રમે આવેલ.

✻ હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ દ્વારા આયોજિત 'ગાર્ડીયેર

અભિમન્યુ એવોર્ડ' તા. ૨૪મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા ખાતે કોલેજ કક્ષાની ક્વીઝ કોમ્પીટીશન યોજાઇ. જેમાં ૧૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિભાગ-૧માં સુથાર રુચીતા એસ. અને વિભાગ-૨માં પટેલ ક્રિયા એ. પ્રથમ રહ્યા હતા.

❊ હેમ.ઉ.ગુ.યુનિ., પાટણના ગાર્ડિયેર વિભાગ દ્વારા 'અભિમન્યુ-૨૦૧૭' પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની જી.પી.એસ.સી. કક્ષામાં સાંખલા સવિતા અને યુ.પી.એસ.સી. કક્ષામાં ધારાણી તેજસનો પ્રથમ ક્રમાંક આવ્યો હતો. તા. ૨૮-૦૧-૨૦૧૭ના રોજ યુનિવર્સિટી કક્ષામાં લેવાયેલ પરીક્ષામાં ધારાણી તેજસે દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ હતો.

❊ એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૩૦-૦૧-૨૦૧૭ના રોજ સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત ગાંધી નિર્વાણ-શહીદ દિને 'મહાત્મા ગાંધીનું જીવન અને કાર્ય' પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં પ્રથમક્રમે વાઘેલા મોનિકા, દ્વિતીયક્રમે દરજી અંજલી તથા તૃતિયક્રમે કુંભાર ગાયત્રી રહ્યા હતા. પ્રા. ડૉ. મનસુખ પટોલિયા દ્વારા ગાંધીજીના જીવન અને કવનને લગતા પુસ્તકની પ્રદર્શની યોજાઇ હતી. કોલેજ દ્વારા દેશના શહીદોની યાદમાં બે મિનિટ મૌન રાખવામાં આવ્યું હતું.

❊ ખેલે ગુજરાત અંતર્ગત નોર્થ ઝોનની ફૂટબોલ લીગ સ્પર્ધા (ભાઇઓ) સાબર સ્ટેડીયમ, હિંમતનગર મુકામે તા. ૦૬-૦૨-૨૦૧૭ના રોજ યોજાયેલ જેમાં શ્રીમતી પી.આર. પટેલ આર્ટ્સ કોલેજ, પલાસરની ટીમ ચેમ્પીયન બની હતી.

❊ સરકારી વિનય કોલેજ અમીરગઢ ખાતે 'રંગકલા કૌશલ્યધારા' અને 'વુમનસેલ' અંતર્ગત મહેંદી, ભરતગૂંથણ સ્પર્ધાનું આયોજન કન્વીનર પ્રા. વર્ષા એન. ચૌધરીએ કર્યું હતું.

## શિબિર

❊ શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એમ.એન. પટેલ કોમર્સ મહિલા કોલેજ, ઊંઝામાં ''સ્વામી વિવેકાનંદના વિચારો'' અન્વયે તા. ૨૮ થી ૩૦ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભિન્ન કોલેજના ૬૦ ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. શિબિરમાં વક્તાઓએ સ્વામી વિવેકાનંદના વિચારો રજુ કરી શિબિરાર્થીઓને ચારિત્રવાન, ઉર્જાવાન, ધર્મનિષ્ઠ તથા કર્મનિષ્ઠ દેશપ્રેમી બનવાની શીખ આપી હતી. તેમજ વિવેકાનંદના વિચારોનું ફોટો તથા પુસ્તક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. શિબિરમાં ''ભારતીય સંસ્કૃતિ અને યુવાનો'' એ વિષય ઉપર નિબંધ સ્પર્ધા અને ''આજનો યુવાન શું સ્વામી વિવેકાનંદ બની શકે ?'' એ વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. નિબંધ સ્પર્ધામાં પ્રથમ મકવાણા દિપક કે. રાધનપુર કોલેજ, દ્વિતીય બારોટ પુજા જે. ચાણસ્મા કોલેજ, તૃતીય ચૌધરી સુરેશ પી. પાલનપુર કોલેજ અને વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ રબારી નીલાભાઇ ડી., સરસ્વતી બી.એડ્. કોલેજ ઊંઝા, દ્વિતીય ચૌહાણ સોનલ એચ. મહિલા કોલેજ ઊંઝા અને પાલનપુર કોલેજના ચૌધરી સુરેશ પી. તૃતીય નંબરે આવ્યા હતા.

❊ તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં અક્ષયપાત્ર હેલ્થકેર, શાહિબાગ અમદાવાદના પ્રતિનિધી દ્વારા તંદુરસ્તી અને આરોગ્યની જાગૃતિ માટે પ્રાધ્યાપકો અને વહીવટી કર્મચારી સભ્યોની એક સંગોષ્ટી યોજાઇ ગઇ. શ્રી જીતેન્દ્ર પટેલ દ્વારા ભેળસેળ અને અયોગ્ય ખોરાક પદ્ધતિથી કેવી સમસ્યાઓ થાય છે તેનાથી અવગત કર્યા હતા અને માત્ર ઘરેલું ઉપચારથી આવા રોગોમાંથી કેવી રીતે મુક્તિ મેળવી શકાય તેની પણ જાણકારી આપી હતી. તેઓએ પૃથ્વીના ચુંબકીય પ્રભાવથી શરીરને કેવા કેવા ફાયદા થઇ શકે અને શરીરમાં કેવી રીતે ઉર્જાનો સંચાર થાય છે તેનું રૂબરૂ નિદર્શન પણ કરી બતાવ્યું હતું.

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઇપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) 'ઉદીચ્ય'માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

ડૉ. નિલેષ એ. પટેલ-કાર્યકારી ગ્રંથપાલ
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઇ-મેઇલ : udichyahngu@gmail.com

## સબરસ

પતિ : જલ્દી કરો મારી પત્ની ત્રીજા માળની બારીમાંથી કુદકો મારવા પ્રયત્ન કરી રહી છે.
હોટલ મેનેજર : એમાં હું શું કરું ?
પતિ : અરે ભાઈ તમે આવો એ બારી ખુલતી નથી.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Nilesh Patel (I/c University Librarian), Dr. Bharat Solanki
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.